# રાજકોટના મહે. ૪થાં જયુડી. મેજી. ફ. ક. સાહેબની કોર્ટ, રાજકોટ.

ફોજદારી કેસ નં. : ૧૦૦૮૬/૧૮
આંક : ૩૮

શ્રી સરકાર

વિરૂઘ્ધ

૧) મોહીતભાઈ પ્રભાતભાઈ ચાવડા
૨) પ્રતિકભાઈ અશોકભાઈ ગોહીલ
૩) ભાવેશભાઈ રાવતભાઈ ભુવા
૪) અજીતભાઈ ભીમાભાઈ ભોજક
રહે. બધા રાજકોટ

**ગુનો :–જુગારધારા કલમ–૧૨ મુજબ**

**:: ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૨ મુજબ ઠરાવ ::**

(૧) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીને પોલીસ પેપર્સોની નકલો આપ્યા બાદ આરોપીને પોતાનો ગુનો કબુલ છે. તેવી પુરસીસ આંક ..૪ થી ૩૭.. થી રજુ કરતા નામ. અદાલતે તમો ગુનો કબુલ કરવા બંધાયેલ નથી. છતાં પણ જો તે આ ગુનો કબુલ કરશે તો તેને મહતમ સજા થઈ શકે. ઉપરોકત સ્પષ્ટ સમજ આપ્યા બાદ આરોપીની પ્લી નોંધવામાં આવી જેમાં પણ આરોપીએ ગુન્હાની કબુલાત આપી.ઉપરોકત કબુલાત સ્વેચ્છાપુર્વક આપેલ છે, તેની ખાતરી થયા બાદ આરોપીને થનાર સજા અંગે સાંભળ્યા.

(૨) આરોપીએ ગુનાની કબુલાત સ્વેચ્છીક રીતે કરેલ હોય તેમજ આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય પોતાને અહેસાસ થયેલાનું જણાવેલ હોય સવિશેષ ભવિષ્યમાં આવો ગુનો કદી કરશે નહી તેવી નામદાર કોર્ટને બાંહેધરી આપી આ પોતાનો પ્રથમ જ ગુનો હોય યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે. આ કામના આરોપી ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને સજા કરવી જોઈએ તેમ માનુ છુ. પરંતુ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપી પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલી રજુઆતોને લ ક્ષમાં લેતા તેમજ તાજેતરમાં જ ન્યાયમુર્તિ ડો. જે. એન. ભટ્ટ સાહેબે સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાનુ ૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતો લક્ષમાં લેતા આ કામમાં આરોપીને હાલના ગુના સબબ સજાની જોગવાઈમાં કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દંડની સજા કરવી જોઈએ તેમ માનુ છું. આરોપી સામેના ગુનાને તેમજ રજુઆતને લક્ષમાં લેતા આરોપીને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહયા જેથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

:: હુ ક મ ::

આ કામના આરોપીઓ ૧)મોહીતભાઈ પ્રભાતભાઈ ચાવડા ૨)પ્રતિકભાઈ અશોકભાઈ ગોહીલ ૩)ભાવેશભાઈ રાવતભાઈ ભુવા ૪)અજીતભાઈ ભીમાભાઈ ભોજકનાઓને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૨ મુજબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા જુગાર ધારાની કલમ–૧૨ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીને રૂા. .૩૦૦../– એમ કુલ ..૧૨૦૦.../– (અંકે કુલ રૂપિયા બારસો પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે. દંડની કસુર બદલ દિવસ–૩ ની સાદી કેદ ભોગવવી. મુદામાલ ચલણી નોટો સરકાર ખાલસા કરવી જયારે જુગાર સાહિત્યનો નાશ કરવો. આરોપીઓના બેઈલ બોન્ડ રદ કરવા. મુદામાલ માટે અલગથી અરજી કરવી.

આરોપીના જાત – જામીન, જાત મુચરકા રદ ગણવા.

રાજકોટ.
તા.૧૩/૦૭/૧૯

( એમ.એ.કૌશીક )
૪થાં જયુ.મેજી.ફ.ક.
રાજકોટ.